હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સાહેબ, અમે કોઈ ફિલ્મનો વિરોધ કરવા માટે આ સળગાવ્યું નથી... ભુખ લાગી છે એટલે રોટલો કરવા ચૂલો સળગાવ્યો...

સિવિલમાં છેલ્લા બે માસથી દર્દીઓ માટે એસીડીટીની દવા નથી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલનો ઓપીડી વિભાગ દર્દીઓથી ધમધમતો રહે છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ આરોગ્યલક્ષી સેવામાં પણ વધારો થયો છે. સિવિલમાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે સિવિલમાં સામાન્ય એસીડીટીની દવાનો સ્ટોક પણ નથી. છેલ્લા બે માસથી એસીડીટીનો સ્ટોક ન હોવાથી દર્દીઓને ના છુટકે બહારથી દવા ખરીદવાની જરુર પડે છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવે છે.આ યોજનાનો લાભ છેવાડાના માનવીને મળી રહે તે માટે અધિકારી-કર્મચારીઓ રાત દિવસ કામ કરે છે. ત્યારે દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ પાટનગરની સિવિલ હોસ્પિટલમાં જ જોવા મળી રહી છે. વર્ષો વિતી ગયા હોવા છતા સીટીસ્કેન મશીન નથી, સોનોગ્રાફી માટે દર્દીઓને એક માસ સુધી રાહ જોવી પડે છે.તો બીજી તરફ માત્ર એકસ રે

મશીનના સહારે દર્દીઓને ચલાવવું પડે છે. જયારે ડોક્ટર દ્વારા લખી આપવામાં આવતી કેટલીક દવાઓ પણ નથી. થોડાક સમય અગાઉ પેરાસીટામોલ પણ પુરી થઈ જતા બહારથી ખરીદવી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી હતી. ત્યારે હવે સામાન્ય એસીડીટીની દવા પુરી થઈ જતા દર્દીઓને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. એસીડીટીની દવા લેવા આવનાર દર્દીઓને નથી તેવો જવાબ સાંભળીને પરત ફરવું પડે છે. ત્યારે ના છુટકે દર્દીઓને જેનરીક અથવા અન્ય દવાનો સ્ટોક તો ક્યાંથી હશે. દર્દીઓને પુરતી દવા તો પ્રાપ્ત થતી જ નથી. ડાયાબીટીસની હોય તો બીપીની ના હોય અને આ બંન્ને દવા હોય તો અન્ય દવા ના હોય તેવી ડામાડોળની સ્થિતિ વચ્ચે સિવિલ ચાલી રહી છે.

અન્ય મેડીકલ સ્ટોર્સમાંથી મોંઘીદાટ દવા ખરીદી કરવાનો વારો આવે છે.ત્યારે પાટનગરની સિવિલમાં જ એસીડીટીની દવા ના હોય તો બીજી

આર-પે વેલ્યુ અને સ્ટોર વચ્ચે સેતુ બનશે

મહાત્મા મંદિર ખાતે ક્રિપ્ટો કરન્સી એક્સ્પોમાં પધારેલા આર-પેના ફાઉન્ડરે કરી નિખાલસ વાત : આર-ટોકન ૧ ડોલરના ભાવથી લોન્ચ કરાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના મહાત્મા મંદિરે યોજાયેલા ક્રિપ્ટો કરન્સી એક્સ્પોના પહેલા દિવસે આર-પે દ્વારા તેની વર્ચુઅલ કરન્સી આર-ટોકનનું વૈશ્વિક સ્તરે લોન્ચિંગ કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત આર-પેના ફાઉન્ડર સુતેષ અગ્રવાલે જણાવ્યું હતું કે 'આર-ટોકન ડિઝીટલ કરન્સીની દુનિયામાં વેલ્યુ અને સ્ટોર વચ્ચે સેતુ બનવાનું કાર્ય કરશે.'

આજે આર-પે દ્વારા આર-ટોકનનું વૈશ્વિક સ્તરે એક ડોલરના ભાવથી લોન્ચિંગ કરાયુ હતુ. આર-ટોકન ઈન્ટરનેટ મનીક્ષેત્રમાં વિશ્વસનીયતા સાથે તેના ઈન્વેસ્ટર્સ માટે ઉપયોગમાં સરળતાથી વ્યવહારો કરવા ઉપયોગી બનશે તેવી માહિતી આપતા સતેષ અગ્રવાલે વધુ જણાવ્યું હતું કે 'ડિઝીટલ કરન્સીએ રીયલ મની કરતા રોજ બરોજના નાણાંકીય ઉપયોગમાં વધુ સરળ છે. વર્ચ્યુઅલ કરન્સીની દુનિયામાં બીટકોઈન અને ઈથોરિયનનો પ્રારંભ રોજીંદા સરળ ઉપયોગ માટે થયો હતો પરંતુ હવે તે માત્ર ઈન્વેસ્ટર્સ દ્વારા સંગ્રહ માટે વધુ વપરાય છે જેથી તેનો ઉદ્દેશ બર આવતો નથી. ક્રિપ્ટો કરન્સીમાં ઈન્વેસ્ટર્સ તેની વધતી વેલ્યુના કારણે પણ આકર્ષાય છે. આર-પે આ 'વેલ્યુઅને 'સ્ટોર' વચ્ચે બ્રીજ બનવાનું કાર્ય કરશે.

જાગૃત વસાહત ફોરમ સે-૧૪ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

જાગૃત વસાહત ફોરમ અને ગુમા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તા. ૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯ કલાકે ગુમા સ્પોર્ટસની સામે પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે બાળકો માટે રમત-ગમતનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં વિજેતા થયેલા બાળકોને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુમા સ્પોર્ટસ સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ અને જાગૃતિ વસાહત ફોરમના ઉપક્રમે ધ્વજવંદનનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવનાર છે. સેકટર-૧૪ ગુમા કોમ્પ્લેક્ષ ખાતે સવારે ૯ કલાકે દેશભકિતના ગીતોની રમઝટ સાથે એરફોર્સના નિવૃત ફલાઈંગ ઓફીસર ઉમેશ ગુમાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરી સલામી આપવામાં આવશે. આ પ્રસંગે ઉમેશભાઈ દ્વારા પ્રસંગોપાત ઉદબોધન કરવામાં આવશે. આ ધ્વજવંદન સમારોહમાં વસાહત મંડળના સભ્યો, કાર્યકરો, સર્વે વસાહતી ભાઈ બહેનો, શોપિંગ સેન્ટરના વેપારીઓ સહિત મોટીસંખ્યામાં હાજર રહેવા જણાવાયું છે.

જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી દહેગામ ખાતે કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સવારના ૯ કલાકે મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ બોયઝ અને ગર્લ્સ હાઈસ્કુલની પાછળ, દહેગામ ખાતે કરવામાં આવનાર છે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર સતીશ પટેલ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપશે.

દહેગામ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વમાં જિલ્લા કલેકટર સતીશ પટેલ સવારના ૯ કલાકે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપશે. ત્યારબાદ સવારના ૯.૫ થી ૯.૪૫ કલાક દરમ્યાન કલેકટર ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ, સલામી કૂચ, કલેકટરનું ઉદૂબોધન અને સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવશે. તે પછી સવારના ૯.૪૫ કલાકથી ૧૦.૫૦ કલાક દરમ્યાન વિવિધ વિભાગો દ્વારા ટેબ્લોનું પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનકર્તાઓનું સન્માન કરવામાં આવશે. કાર્યક્રમના અંતે સવારના ૧૦.૫૦ થી ૧૦.૫૫ દરમ્યાન રાષ્ટ્રગીતનું ગાન થશે.

રાષ્ટ્રીય પર્વમાં જિલ્લાવાસીઓને ઉપસ્થિત રહેવા પ્રાંત અધિકારી, ગાંધીનગર આર.એસ. દેસાઈએ હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ મુકેશ પટેલને જાપાનનો "ઓર્ડર ઓફ ધી રાઈઝીંગ સન"નો ખિતાબ એનાયત

ગાંધીનગર, તા. ૨૪

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, અમદાવાદ શહેરના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ મુકેશભાઈ પટેલે ભારત અને જાપાનના સંબંધોને નવી ઉંચાઈ અને નવી દિશા આપવાનું કાર્ય કર્યું છે. કન્સલ્ટન્ટ મુકેશભાઈ પટેલને "ઓર્ડર ઓફ ધ રાઈઝીંગ સન" નો ખીતાબ એનાયત કરવાના સમારંભમાં તેમણે કહ્યું કે, મુકેશભાઈ બહુઆયામી વ્યકિતત્વ ધરાવે છે. તેઓ આંતરરાષ્ટ્રિય કક્ષાના કરવેરા નિષ્ણાંત હોવાની સાથે વક્તા, કાર્ય કર્યું છે.

મુકેશભાઈએ જાપાન-

એન્કર, સેન્ચ્યુરી રકતદાતા, ફોટોગ્રાફર અને શિક્ષક પણ છે.

રાજ્યપાલશ્રી એ જણાવ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં મુકેશભાઈએ જાપાન સાથેના બોન્ડીંગને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભારત વચ્ચે શૈક્ષણિક સાંસ્કૃતિક તથા જાપાનના રોકાણકારોને ગુજરાતમાં રોકાણ કરવા માટે તથા જાપાનની કંપનીઓને ગુજરાતમાં જોઈન્ટ વેન્ચર સ્થાપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મુકેશભાઈના પ્રયત્નોથી જાપાનની સંસ્કૃતિ, મુલ્યો અને જીવનશૈલીને વધુ ઉંચાઈ હાંસલ કરશે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી. જાપાનના એમ્પેરર તથા જાપાન સરકાર તરફથી મુકેશભાઈ પટેલને "ઓર્ડર ઓફ ધ રાઈઝીંગ સન"નો એવોર્ડ મળ્યો છે તે બદલ રાજયપાલશ્રીએ મુકેશભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

મુકેશભાઈ પટેલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, જાપાન મારા મન-હૃદયમાં વસેલું છે. જાપાન અને ગુજરાત વચ્ચેના પાંચ દાયકાનાં મૈત્રીપૂર્ણ સંબંધોએ ગુજરાત અને જાપાનના નાગરિકો વચ્ચે અનોખા રૂણાનુબંધનું સર્જન કર્યું છે.

પોતાનો પગાર સરકારી શાળામાં દાન કરતા મનપાના નગરસેવક

ગાંધીનગર, તા.૨૪

આજના હાઈટેક યુગમાં શિક્ષણ મોંઘુદાટ બની જવા પામ્યું છે. મોંઘવારીએ માજા મુકતા શિક્ષણ અઘરુ થઈ ગયું છે. મધ્યમવર્ગથી લઈને તમામ નાગરીક મોંઘા થતા શિક્ષણને લઈને પોતાના દિકરા દિકરીઓને યોગ્ય શિક્ષણ પણ આપી શકતા નથી. ત્યારે ઘણા નાગરીકો છુપી રીતે દાન કરીને શિક્ષણ મેળવતા ગરીબ વિદ્યાર્થીઓને મદદરુપ થતા હોય છે. ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૬ ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાઘર પણ મનપામાંથી પોતાને મળતો પગાર શહેરની સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હિતાર્થે દાન કરી દે છે.

આજના વર્તમાન યુગમાં આપણા બાળકો માટે શિક્ષણ ખુબ જરુરી છે. આપણી પાસે આજીવીકા ચલાવવા માટે કોઈ મોટા ઉદ્યોગ, ધંધા, પેઢી, નથી. આપણા બાળકો સારુ -સાચું ઉચ્ચકક્ષાનું શિક્ષણ મેળવીને જ્ઞાની બની, સંસ્કારી બની જાગૃત બની આ કોમ્પ્યુટર , ઈન્ટરનેટ અને સ્પર્ધાત્મક યુગમાં આગળ વધે અને ખબુ જ સારુ પરિણામ મેળવે તે જરુરી અને અનિવાર્ય છે. ત્યારે મનપા દ્વારા તેમના ખાતામાં પગાર જમા થયાની જાણ થતા જ નગર સેવક સરકારી શાળામાં ભણતા બાળકો માટે કોમ્પ્યુટરથી લઈને ચોપડા, નોટબુક, પાઠ્યપુસ્તક,સ્ટેશનરીમાં વાપરી નાંખે છે. તે ઉપરાંત સરકારી શાળામાં અભ્યાસ કરતા કોઈપણ બાળકને કોઈપણ ચીજવસ્તુની જરુર હોય તો તેઓના તરફથી વિનામુલ્યે આપવામાં આવે છે. પોતાને મળતી સરકારી રકમમાંથી વધુ રકમ તેઓ શિક્ષણની જાગૃતિ અર્થે ખર્ચ કરે છે.

નારદીપુર ગામે નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે શિબિર તથા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

તાલુકા આરોગ્ય કચેરી, કલોલના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોખાસણના મોજે ગામ નારદીપુર ખાતે નેસનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે ના ભાગરૂપે મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુર ખાતે ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં જિલ્લા આરસીએચ અધિકારી ડૉ. હરેશ નાયક દ્વારા વિદ્યાપીઠની ૨૦૦ જેટલી બહેનોની શીબીર કરી બેટી બચાવો, બેટી પઢાવો, છોકરીઓની ઘટતી જતી સંખ્યાથી સમાજ ઉપર થતી અસરો, પીસી એન પીએનડીટી એક્ટ, એડોલેશન એજ્યુકેશન, પર્સનલ હાઈજીગ, માતા અને બાળ સ્વાસ્થ્ય અને સ્તનપાન જેવા વિષયો ઉપર વિસ્તૃત અને ઝીણવટભરી માહિતી આપવામાં આવી.

વધુમાં સદર કાર્યક્રમ બાદ લોક જનજાગૃતિ અર્થે નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે ઉજવણીના ભાગરૂપે પ્લે કાર્ડ, બેનર્સ દ્વારા બેટી વધાવો, બેટી બચાવો, દીકરો દીકરી એક સમાન, દીકરી વ્હાલનો દરીયો તેમજ આગામી સઘન પલ્સ પોલીયો કાર્યક્રમના સુત્રોચ્ચાર કરી રેલી યોજવામાં આવી. આ રેલીનું પ્રસ્થાન જિલ્લા આર.સી.એચ. અધિકારી ડૉ. હરેશ નાયક અને શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવેલ હતુ. સદર કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પરેશ રાઠોડ, પ્રાઆકેના તબીબી અધિકારી ડૉ. રીષી કડીકર, શાળાના શિક્ષક રાજુભાઈ પટેલ, શાળાના શિક્ષકગણ અને તાલુકા ટીઆઈઈસીઓ ઉપસ્થિત રહેલ. તેમજ રેલી દરમ્યાન ગ્રામજનોને બેટી વધાવોની પત્રિકાઓનું વિતરણ

કરવામાં આવેલ. એક બીજી રેલીનો કાર્યક્રમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સઈજ ખાતે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમ પ્રા.આ.કેન્દ્ર મોખાસણ અને સઈજના મપહેસુ, મ.પ.વ. તથા આશા બહેનોએ સક્રીય ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

ખ-૬ સર્કલે વીજ થાંભલો ઊભો કરવાનો ભૂલાયો!

સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળના માજી પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ પટેલે જણાવ્યું છે કે સે-૨૪, ૨૫, ૨૬, ૨૭ની વચ્ચ ખ-૬ સર્કલ આવેલું છે. આ સર્કલ ચાર માર્ગીય છે. તેથી ચારે માર્ગે સ્ટ્રીટલાઈટના વીજ થાંભલા કોર્નર પર આવેલા હોવા જોઈએ પરંતુ ખ-૬ના કોર્નર ઉપર સ્ટ્રીટલાઈટના ત્રણ વીજ થાંભલા આવેલા છે. ૨૬-૨૭ના કોર્નર ઉપર શરતચુકથી વીજ થાંભલો રહી ગયેલ છે જેથી રાત્રે ગાઢ અંધારું રહે છે. ભારે વાહન વ્યવહારથી અકસ્માતનો ભય રહેલો છે તો સત્વરે ચોથો થાંભલો ઉભો કરવા જણાવાયું છે.

બાલવા ગ્રામજનો-રસ્તા અંગે ૩૧મીએ ભુખ હડતાલ કરશે

બાલવા ગામથી બાલવા ચોકડી સુધીનો રોડ ત્રણ વર્ષથી તૂટી જવાથી બિસ્માર હાલતમાં છે. મુખ્યમંત્રી, બાંધકામ મંત્રીને રજુઆત કરવા છતાં જિલ્લા પંચાયતની બેદરકારીથી રોડ રીપેર થતો નથી. નવો બનાવવામાં આવતો નથી. ધારાસભ્યના ફંડમાંથી આ રસ્તો બનાવવા ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે. જો આ અંગેની રજુઆતો ધ્યાને નહિ લેવાય તો તા. ૩૧મી જાન્યુઆરીએ જિલ્લા પંચાયતના દ્વારે ભુખ હડતાલ પર જનાર છે તેમ ગામ અગ્રણી સુરેશભાઈ ત્રિવેદીએ જણાવેલ છે.

કિસાનનગરમાં પુરતા ફોર્સથી પાણી આપવા માંગ

સેકટર-૨૬ કિસાનગનર વાસહત મંડળના માજી પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલે જણાવેલ છે કે સેકટર-૨૬, કિસાનનગરમાં છેલ્લા અઠવાડિયાથી પુરતા ફોર્સથી પાણી આવતું નથી પરિણામે ગૃહિણીઓ રોજિંદા કામમાં પાણીની મુશ્કેલી અનુભવે છે. તેઓમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપી છે અને પુરતા પ્રેશરથી પાણી આપવા માંગ કરી છે.

આજે સે. ૨૨ ખાતે દશનામ ગોસ્વામી સમાજ કેલેન્ડર વિતરણ કાર્યક્રમ યોજાશે

શ્રી દશનામ ગૌસ્વામી સમાજ ગાંધીનગર શહેરમાં વસતા તમામ સમાજના પરિવાર માટે 'સુંદરધામ' પરિવાર અને ગાંધીનગર શહેર-જિલ્લા શંભુદક યુવા બ્રીગેડના પ્રમુખ શિવાભારથી અમૃતભારથી ગૌસ્વામી પરિવાર દ્વારા વિનામુલ્યે કેલેન્ડર વિતરણનો કાર્યક્રમ સેક્ટર-૨૨ નવરાત્રી મેદાન-રંગમંચ પાછળ, શિવકથા મંડપમાં તા. ૨૫-૨૬ જાન્યુઆરી-૨૦૧૮ સમય સાંજે ૫ થી ૬.૩૦ સુધી વિતરણ થશે તો સૌ સમાજનો સૌ પરિવારોને કેલેન્ડર લેવા હાર્દિક અનુરોધ શિવાભારતી ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યો છે.

વકીલ ઉમેદવારને ૧૦ માર્કનું ગ્રેસીંગ આપવા માટે માંગણી

ગાંધીનગર, તા.૨૪

દેશના કોઈપણ ભાગમાં વકીલાતની પ્રેકટીસ કરવા માટે ફરજિયાત પાસ કરવાની થતી બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ઓલ ઈન્ડિયા લેવલની નવેમ્બર માસમાં લેવાયેલી એક્ઝામનું પરિણામ વિલંબિત થતાં વકીલ ઉમેદવારોમાં સહેજ નારાજગીની લાગણી ફેલાઈ છે, બીજીબાજુ, બીસીઆઈની આ એક્ઝામમાં તર્કસંગત પ્રશ્નો નહી પૂછાતા હોવાથી અને ઘણીવાર અભ્યાસ બહારનું પૂછાવાના કારણે વકીલોના પરિણામ પર તેની સીધી અસર થતી હોવાથી ગુજરાતના વકીલ ઉમેદવારોના હિતમાં તેઓને બીસીઆઈની આ ઓલ ઈન્ડિયા લેવલની એક્ઝામમાં દસ માર્કસનું ગ્રેસીંગ આપવા ગુજરાત બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અનિલ સી.કેલ્લાએ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા સમક્ષ માંગણી કરી છે. ગુજરાત વકીલોની લાગણીને ધ્યાનમાં લઈ અનિલ કેલ્લાએ આ સમગ્ર મુદ્દે એક પત્ર પણ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના સત્તાવાળાઓને પાઠવ્યો છે. દેશના કોઈપણ ભાગમાં જો કોઈ વકીલને વકીલાત તરીકેની પ્રેકટીસ કરવી હોય તો બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નવા રૂલ્સ મુજબ, ૨૦૧૦થી બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષા પાસ કરવી ફરજિયાત બનાવાઈ હતી. ૧૦૦ માર્કસની આ પરીક્ષામાં ૪૦ માર્કસ લાવવા ફરજિયાત હોય છે અને વર્ષમાં બે વાર આ પરીક્ષા લેવાતી હોય છે.

● અનુસંધાન પાના - ૭ પર

શિવકથામાં શિવ વિવાહ મહોત્સવ

દેવાધી દેવ મહાદેવજીની અદ્દભુત શિવકથા છેલ્લા પાંચ દિવસથી સેકટર-૨૨ નવરાત્રી મેદાન ખાતે ભારતીબાપુની વ્યાસપીઠે ચાલે છે. જેમાં મોટી સંખ્યામાં શિવભક્તો કથાનું શ્રવણ કરે છે. આજે શિવકથામાં શિવવિવાહનો મહોત્સવ ખુબ જ ધામધૂમથી ઉજવવાનો શિવભક્તો દ્વારા તૈયાર કરવામાં આવી છે. તો આ મહોત્સવમાં પધારવા સૌ ભક્તોને હાર્દિક અનુરોધ છે.

અમદાવાદ ખાતે નેચરોપેથી-યોગનું રાષ્ટ્રીય સંમેલન

ગાંધીનગર,તા. ૨૪

ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન દ્વારા આગામી તા.૨૭ અને ૨૮મી જાન્યુઆરી દરમ્યાન એસજી હાઈવે પર અડાલજ પોલીસ સ્ટેશનની બાજુમાં, શ્રી રામચંદ્ર મીશન આશ્રમ ખાતે હાર્ટફુલનેશન ઈન્સ્ટીટયુટ ખાતે નેચરોપથી અને યોગ અંગે બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશના ૧૨થી વધુ રાજયોમાંથી ૭૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. આ રાષ્ટ્રીય સંમેલનનો ઉદ્દેશ ગુજરાત સહિત દેશભરમાં જન-જન સુધી નેચરોપથી(પ્રાકૃતિક ચિકિત્સા) અને યોગની મહત્તા સમજાવી તેની ઉપયોગિતા સમજાવવાનો અને પહોંચાડવાનો છે એમ અત્રે ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ મુકેશભાઈ શાહ અને કાર્યાધ્યક્ષ જીતુભાઈ પંચાલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નેચરોપથી અને યોગ અંગેના આ રાષ્ટ્રીય સંમેલનમાં સૌપ્રથમવાર મેડિકલ ડોકટર્સ અને નેચરોપેથ એક જ મંચ પર ડાયાબિટીસ, બ્લડપ્રેશર, મહિલાઓના મેનોપોઝ અંગેના પરિસંવાદમાં ભાગ લઈ પોતપોતાના વિચારો અને સારવાર પધ્ધતિ વિશે વાર્તાલાપ રજૂ કરશે. આ સંમેલનમાં ભારત સરકારના આયુષ્ય મંત્રાલયના ડો.ઈશ્વર આચાર્ય, રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલમંત્રી કૌશિકભાઈ પટેલ, લકુલીશ યોગ યુનિવર્સિટીના ડો.દિનેશભાઈ અમીન, આરએસએસના પૂર્વ સરસંઘચાલક ડો.અમૃત કડીવાલા અને બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા સહિતના મહાનુભાવો હાજર રહેશે.

લોકડાયરો : ગુજરાતના જાણીતા લોકગાયક રાજભાએ મંગળવારે રાત્રે ટાઉનહોલમાં ભારે જમાવટ કરી હતી. પહાડી અવાજમાં ગવાતા ગીતો સાંભળવા ડાયરાપ્રેમીઓ પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. હકડેઠઠ ભરાયેલ ટાઉનહોલ એક એક ગીત પર શ્રોતાઓ દાદ દેતા હતા. રાજપૂત સમાજના આગેવાનો, ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડા, જાણીતા ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ, કરણી સેના અને મહાકાલ સેનાના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ડાયરો માણવા ઉમટ્યા હતા.

જાહેર નિવિદા નં.૬/૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ નં.૨, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં.-'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૬૯-૭૦) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના લગતા ૧ થી ૮ (આઠ) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ ૧૯૭૯૬.૦૦ થી ૨૯૫૦૯૫.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો, જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ પૈકી ક્રમાંક ૧ થી ૪ કોરા ટેન્ડરો આપવાની તા. ૧/૨/૨૦૧૮ (સમય ૧૬.૦૦ કલાક સુધી છે). ભરેલ ટેન્ડરો રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૮/૨/૨૦૧૮ કચેરી સમય સુધી છે. તથા ક્રમાંક ૫ થી ૮ ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૭/૨/૨૦૧૮, સમય ૧૬.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

માહિતી/૨૫૪૩/૧૭-૧૮